# હજારો રૂપિયા હોત તો કચરો વીણવાનું કામ એ ન કરત

"રોજનું 25 રૂપિયા ભાડું આપીને હું હાથલારી લાવતી. હાથલારીની કિંમત સાત-આઠ હજાર થાય પણ એટલા પૈસા મારાથી ભેગા ન થ્યા.'' શારદાબાની ઉંમર જોતાં એમને હાથલારી લઈને ધંધો કરવામાં ભારે શ્રમ પડતો હોવાનું લાગ્યું એટલે બાને પૂછ્યું, "આ ઉંમરે આવું ભારે કામ?"

"શું થાય? મારે એક દીકરો પણ એને વસ્તાર ઝાઝો. એની ઘરવાળી ઘર સંભાળે ને અમે મા -દીકરો થાય એ ધંધો..."

"કેટલાં વર્ષથી આમ લારી ભાડે લ્યો?"

હસીને, "ઓહો એ તો ઘૈઈક વર્ષો થ્યા."

"આટલાં વર્ષોમાં તો તમે લારીની દુકાન કરી શક્યા હોત!" મારી વાત સાંભળી બાએ આશ્ચર્યથી મારી સામે જોયું. મેં એમને કહ્યું, "તમે રોજના 25 રૂપિયા ભાડેથી લારી લાવો. 30 દિવસ તમે આ રીતે લારી લાવો તો મહિનાના 750 થયા ને વર્ષના 9000. માની લો કે, મહિનાના કેટલાક દિવસ લારી લઈને કામે ન જાવ તોય તમે સહેજે આખા વર્ષના 8000 ભાડામાં આપો. આટલી રકમમાં તો પોતાની લારી આવી જાય!" મારી વાતમાં બાએ ખાલી માથું ધુણાવ્યું.

એક અંદાજ મુજબ, ભારતમાં 1 કરોડથી વધુ ફેરિયાઓ જેઓ હાથલારી, પેડલ રિક્ષા કે પોતાના માથા પર કે હાથમાં સામાન લઈને દૈનિક ધોરણે માલ, સામાનની હેરફેર કરે છે. આ બધાના ઘરમાં બીમારી આવે તો એ પાછા વ્યાજવા પૈસા પર જ આધાર રાખે પણ ચાલી શકે એવી બાબતોમાં એ વ્યાજવા કે કોઈ પાસેથી ઉધારી લેવાનું ટાળે.

અમને વાલીમા અને કસ્તુરકાકા મળ્યાં. આ બેય બનાસકાંઠાના વડગામમાં રહે. એમની વાત આંખમાં ઝળઝળિયાં લાવી દે તેવી. આ નિઃસંતાન દંપતી. કાકા છૂટક મજૂરી કરતા ને વાલીમા એક ટોપલામાં શાકભાજી મૂકી, માથે ટોપલો મૂકી શેરીએ શેરીએ ફરે. વાલીમાનું શરીર જીર્ણ થઈ ગયું છે અને કાકાની શારીરિક સ્થિતિ કમાઈને ખવડાવી શકે એવી નથી એટલે નાછૂટકે વાલીમા આજે પણ માથે ટોપલો મૂકીને ધીમે ધીમે એકાદ બે શેરીમાં ફરે. આવા વાલીમાને જ્યારે પૂછ્યું કે, "તમારાથી માથે ટોપલો હવે ઉપાડાય છે?'' સાંભળીને એમણે નિઃસાસો નાખતા કહ્યું, "વજન માથે લઈને ચાલવું ભારે પડે છે. ક્યારેક તો શેરીમાં કૂતરા પાછળ પડે ત્યારે વજન સાથે ભાગવું મુશ્કેલ થઈ જાય. ઘણી વાર ટોપલા સાથે ભોંય પર પડી છું. પણ શું કરું? પેટ કરાવે વેઠ. ચાકરી કરે એવું કોઈ નથી એટલે જીવવા માટે આ બધું વેઠવું પડે."





આપણા શહેરોમાં કે ગામોમાં ધોમધખતા આકરા તાપમાં ગલી, મહોલ્લામાં આપણે શારદાબા, વાલીમા જેવા અનેક પાસેથી શાકભાજી ખરીદીએ અથવા આપણા ઘરનો ભંગાર એમને આપીએ કે એમને પ્લાસ્ટિક વીણતા નિહાળીએ. પણ આપણું એમની સાથેનું કામ પતી જાય એટલે આપણે ઘરમાં પુરાઈ જઈએ. તેમની પીડા તેમનો મૌન સંઘર્ષ આપણી નજરમાં છૂટી જાય. અનેક શ્રમિકો આકરા તાપમાં કામ અર્થે નીકળે ત્યારે ઘણી વાર તો કેટલાયના પગમાં ચંપલ નથી હોતા. ચંપલની કિંમત કાંઈ એવડી મોટી નથી કે ખરીદી ન શકાય, એવું આપણને લાગે પણ ઉઘાડા પગે ડામર રોડ પર ચાલનારાને ચંપલ ન હોવાનું કારણ પૂછીએ ને એ જે કહે, તે સાંભળી આપણું માથું શરમથી ઝૂકી જાય.

અસંગઠિત ક્ષેત્રે કામ કરનારા આ બધા દેશના

**શાકભાજીવાળા કે પસ્તી લેવાવાળા પાસે આપણે બરાબર ભાવતાલ કરીએ અને બે રૂપિયા માટે રકઝક કરવાવાળા આપણે મોટા મોલમાં ખરીદી કરવા જઈએ ત્યારે કેવા ચૂપચાપ પૈસા આપી દઈએ**

અર્થતંત્રની કરોડરજ્જુ સમાન. આંકડાકીય દ્રષ્ટિએ જોઈએ તો, ભારતના કુલ શ્રમબળના લગભગ 90% થી વધુ લોકો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે અને GDPમાં તેમનો હિસ્સો 50% થી વધુ. સરકાર દ્વારા આ ક્ષેત્રે કામ કરનારા શ્રમિકો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ કાર્યાન્વિત. અમદાવાદમાં તો હમણાં ફૂટપાથ કે રસ્તા પર પથારો કરીને કે લારી લઈને શાકભાજી વેચનારા ફેરિયાઓ માટે અલાયદા શાકભાજી માર્કેટ ઊભા કરવામાં આવ્યાં. આ પગલું સરાહનીય છે પણ પ્રજા તરીકે આપણે આવા શ્રમિકો પાસેથી ખરીદી કરીએ ત્યારે સંવેદના સાથે ખરીદી કરીએ છીએ ખરા?

## આપણી આસપાસ

★ મિત્તલ પટેલ

શાકભાજી ખરીદ્યા પછી ઉપરથી મસાલો એટલે કે કોથમીર, મરચાં માંગવાવાળા આપણે બે રૂપિયા માટે એમની સાથે કેવી રકઝક કરીએ! ભંગાર કે પસ્તી લેવા આવનાર વ્યક્તિ પાસે પણ એકબે રૂપિયા વધારે જતા ન રહે એ માટે ભાવતાલ! એની પાસે લાખો આમ તો લાખો શું હજારો રૂપિયા હોત તો પણ ભંગાર કે કચરો વીણવાનું કામ એ ન કરત. ગંદવાડમાં હાથ નાખવાનું કોણ કરે? આવામાં એને પાંચ રૂપિયા વધારે મળે તો એનું જીવન થોડું બહેતર બને. એ સુખી થાય એમાં આપણે રાજી થવું જોઈએ પણ એ આપણને છેતરવો ન જોઈએ એટલે આપણે બરાબર ભાવતાલ કરીએ. ક્યારેક થાય બે રૂપિયા માટે રકઝક કરવાવાળા આપણે મોટા મોલમાં ખરીદી કરવા જઈએ ત્યારે કેવા ચૂપચાપ પૈસા આપી દઈએ.

સામાન્ય રીતે સમાજ આજે માણસનું મૂલ્યાંકન એની કમાણી, નોકરી કે સ્થિતિના આધારે કરે છે પણ ખરી રીતે માણસનું મૂલ્ય એના કામની ઉપયોગિતા પરથી થવું જોઈએ. દા.ત. ભંગાર ભેગું કરનાર વ્યક્તિ કદાચ મહિનાના 8-10 હજાર કમાય પણ એની મહેનતથી શહેર સાફ રહે, પ્રકૃતિનું રક્ષણ થાય, રિસાયક્લિંગ થાય અને હજારો ટન કચરો લેન્ડફિલમાં જતો રોકાય. આવી સેવા કરનાર માણસ 'ઓછો મૂલ્યવાન' કેવી રીતે કહેવાય? દુનિયામાં કેટલાક એવા લોકો હશે જે કરોડો કમાય પણ એનું યોગદાન સમાજ ઘડતર માટે નહીંવત્ હશે. જ્યારે કેટલાક લોકો ખૂબ ઓછું કમાય પણ એ દુનિયાને બચાવે.

સંત કબીર કહે છેઃ "જાયત કુળ દેહ નહીં, કર્મ કુળ ઓળખાય'' - અર્થાત્ માણસની ઓળખ એ ક્યા કુળમાં પેદા થયો છે એનાથી નહીં પણ એની કરણી અને કામથી થાય છે. મહેતન, ઈમાનદારી સાથે કામ કરવાની ખેવના રાખનારને સમાજે પ્રોત્સાહન આપવું જોઈએ. અમે આવા શ્રમિકોનું જીવન થોડું બહેતર બને તે માટે હાથલારી, પેડલરિક્ષા આપવાનું કરીએ.

હમણાં પાનલપુરમાં 34 વ્યક્તિઓને જ્યારે વિવિધ સાધનો આપ્યાં ત્યારે સૌએ કહ્યું, "અમે ભાડેથી વાહન લાવતાં, હવે અમારું એ ભાડું બચશે. ભલે સંસ્થાએ અમને આ સાધન દાનમાં આપ્યું પણ અમે થોડીક રકમ તો તમને પરત આપીશું જેથી તમે એમાંથી બીજા જરૂરિયાતવાળાને આપી શકો.'' આ ગરીબોની ઈમાનદારી. ભાડાના પૈસા બચશે તો એ પોતાની સુખાકારી માટે વાપરશે વળી બીજાની લારી માગીને લાવવાને બદલે પોતાની માલિકીનું સાધન હોવાથી એમના આત્મસન્માનમાં પણ વધારો થશે. સાથે માથે ટોપલો ઊંચકવા કે ખભે કોથળો નાખવાને બદલે પૈંડાવાળા સાધનનો ઉપયોગ કરવાથી શારીરિક પીડા અને લાંબાગાળાની બીમારીઓ ઘટશે. એમને હાશ થશે. •